# પાટણ પ્રતિબિંબ

વર્ષ ૯ • અંક ૩ • સળંગ અંક ૯૮ • મુંબઈ • જાન્યુઆરી ૨૦૧૫ • પાના ૧૨ • છૂટક નકલ રૂા. ૨/-

• RNI. Regd. No. MAHGUJ/2006 / 18379

## શ્રી પાટણ જૈન મંડળનું મુખપત્ર



ટેલિફોન : 2281 1346 • ટેલિફેક્સ : 22811218 • www.patanmandal.org • Email : patanmandal@gmail.com


## પ્રમુખસ્થાનેથી...

**સ્નેહી સ્વજનો,**
**જય જિનેન્દ્ર!!**

*શબ્દથી સેતુ બાંધવાની કોશિશ કરું છું..*
*કોઈ એક શમણું સાથે નીરખવાની કોશિશ કરું છું..*
*પણ દીલને સવાલ ફરી એકવાર પૂછું છું..*
*કે મારી લાગણીના અક્ષર વાંચી શકશો તમે?*

**નીતિન ભટ્ટ**

**સંઘર્ષ કે સંકલ્પ:**

માનવ માત્ર જીવનના પ્રત્યેક વળાંકે સફળતા ઈચ્છતો હોય છે. જિંદગીના પ્રવાસમાં તેના દરેક પડાવે માનવીની ઈચ્છાઓ અને મહેચ્છાઓ સળવળતી હોય છે. જે લોકો 'વિકલ્પ'ને બદલે 'સંકલ્પ'નો માર્ગ પસંદ કરે છે અને સુખ શૈયાને બદલે લક્ષને પાર કરવા કાંટાળા માર્ગે ચાલવા તત્પર રહે તેમને ગમે તેવા આંધી કે તોફાન ડરાવી શકતા નથી. 'એકલો જાને રે'નો સંકલ્પ સ્વીકારી આગળ વધવાના આગ્રહી હોય છે. 'વન કંટકથી તન રક્ત ઝરે, પણ તોય ના કદી અશ્રુ ખરે' ની દ્રઢતા કેળવે છે, તેઓના સંકલ્પો જ અનેક સંઘર્ષોને વટાવી સફળતાને પામે છે. કોઈપણ કાર્ય ક્યારે ય નાનું કે મોટું હોતું નથી. જે કાર્યમાં સંકલ્પનું બળ અને મનનો સથવારો મળે તે આપોઆપ મોટું અને મહાન બની જાય છે. સંકલ્પ જીવન સંસારના પ્રવાસી માટે દીવાદાંડી સમાન છે. સંકલ્પના બળને માનસિક અને નૈતિક શક્તિઓના તાજ કહેવામાં આવે છે. વેડલ ફિલિપ્સ અનુસાર દરેક માણસોએ અંતે પોતાના 'વોટર લૂની' લડાઈ જાતે જ લડવાની હોય છે. માણસના સંકલ્પો સમક્ષ દેવો અને દાનવો સઘળા પરાજિત થાય છે.

**દાનગંગાના પ્રવાહો:**

જ્ઞાન, દર્શન અને ચારિત્રને વરેલી આપણી સંસ્થા શ્રી પાટણ જૈન મંડળ વર્ષોથી વિવિધ ક્ષેત્રે સેવાના કાર્યો કરી રહી છે. પારદર્શક વહિવટ થકી સંસ્થા માટે અવિરત દાનનો પ્રવાહ વહેતો રહ્યો છે. સંસ્થાની અનેકવિધિ પ્રવૃત્તિઓ આવા મહાનુભાવો થકી જ થઈ રહી છે. સંસ્થાની ઉન્નત્તિનું શ્રેય સૌ શુભેચ્છકો અને દાતા પરિવારોને જાય છે. સંસ્થા તેઓની સદાય ઋણી રહેશે.

**શ્રી દિપકભાઈ ચંપકલાલ ઝવેરી શૈક્ષણિક સહાય ફંડ** અંતર્ગત **શ્રી આશિષભાઈ દિપકભાઈ ઝવેરી** (મનમોહનજીની શેરી) દ્વારા સંસ્થાને રૂા. ૨,૦૦,૦૦૦ પ્રાપ્ત થાય છે. **શ્રીમતી હંસાબેન રમેશભાઈ છબીલદાસ ઝવેરી આર્થિકભાડા સહાય** અંતર્ગત **શ્રી નીલેશભાઈ તથા શ્રી કલ્પેશભાઈ રમેશચંદ્ર ઝવેરી** (મનમોહનજીની શેરી) દ્વારા સંસ્થાને રૂા. ૪,૦૦,૦૦૦ પ્રાપ્ત થયા છે. સંસ્થા દાતાઓની ભૂરીભૂરી અનુમોદના કરે છે.

**આદિજિન મહોત્સવ :**

સંસ્કાર અને વિદ્યાનગરી પાટણ મધ્યે **શ્રી પાટણ જૈન મંડળ** છાત્રાલય પરિસરમાં શ્રી આદિજિન પ્રતિષ્ઠા મહોત્સવ ગુરુવાર તા. ૨૯-૧-૨૦૧૫ થી તા. ૩-૨-૨૦૧૫ સુધી સુનિશ્ચિત થયેલ છે. ભવ્યાતિભવ્ય આ જિનાલયની પ્રતિષ્ઠામાં પધારી લાભ લેવાની આપ સૌને મારી નમ્ર વિનંતી છે. પાટણના ગૌરવ સમા આ જિનાલય સાથે અનેક ભૂતપૂર્વ વિદ્યાર્થીઓની લાગણીઓ જોડાયેલી છે. પાટણની પ્રત્યેક વ્યક્તિઓ - જૈનોના હૈયા હેલે ચઢયા છે. તો પધારો આપણી નૈતિક જવાબદારી અને મહામૂલા આ અવસરને માણીએ અને મણાવીએ.

**આર્ટસ, સાયન્સ અને કોમર્સ કૉલેજ - પાટણ:**

પાટણ ફાટીપાળ દરવાજા બહાર શ્રી પાટણ જૈન મંડળ સંચાલિત આર્ટસ, સાયન્સ તથા કોમર્સ કૉલેજ માટે સૂચિત યોજનાની સામાન્ય રૂપરેખા આ અંકના અંતિમ પૃષ્ઠ પર પ્રકાશિત કરવામાં આવેલ છે. સમાજના દાતાશ્રીઓને ઉદારતા પૂર્વક ઉક્ત યોજના અંતર્ગત સહયોગ આપવા નમ્ર વિનંતી છે.

**આત્મીક આનંદની અનુભૂતિ:**

દરિયા કિનારેથી કોઈપણ સાધારણ પ્રયત્ન કે જોખમ વિના શંખ અને છીપલા મેળવી શકાય છે. જ્યારે મોંઘેરા મોતી મેળવવા જાનને મુઠ્ઠીમાં લઈ મધદરિયે ઝંપલાવવું પડે. આધ્યાત્મિક ચેતનાના સ્પંદનો સવારના સાડાત્રણથી સાડાપાંચ વાગ્યા દરમ્યાન વાયુ મંડળમાં વિહરતા હોય છે, જે બ્રહ્મ મૂરતની ઉપાસના કરાવે છે. ભૌતિક જીવન મૂલ્યોને સંબંધિત કરે છે. ''Adversites are necessities of Success'' કોઈપણ જાતની સાધના કે ઉપાસનામાં આળસ અને પ્રમાદ બાધક બને છે. મૌન જાત સાથે સંવાદ સાધવાનો, વાણી ઉપર સંયમ કેળવવાનો અને **આત્મિક કે આધ્યાત્મિક શક્તિનો** સંચય કરવાનો અપૂર્વ અવસર છે. ચાલો સકારાત્મક અભિગમ થઈ હલકાફુલ બની શાશ્વત સુગંધ પ્રસરાવીએ અને માનવતાને મહેકાવીએ.આભાર...!

**પ્રમુખ અને મેનેજીંગ ટ્રસ્ટી**
**શ્રી પાટણ જૈન મંડળ**

## સાભાર-સ્વીકાર

**શ્રી દીપકભાઈ ચંપકલાલ ઝવેરી શૈક્ષણિક સહાય કોરપસ ફંડ**

૨૦૦૦૦૦ શ્રી આશિષભાઈ દીપકભાઈ ઝવેરી (મનમોહનજીની શેરી)

**શ્રીમતી હંસાબેન રમેશચંદ્ર છબીલદાસ ઝવેરી આર્થિક-ભાડા સહાય ફંડ**

૧૦૦૦૦૦ મે. જે. પી. પ્રોડક્ટસ (મનમોહનજીની શેરી)
હસ્તે : શ્રી નિલેશભાઈ તથા શ્રી કલ્પેશભાઈ રમેશચંદ્ર ઝવેરી

**શૈક્ષણિક સહાય કોરપસ ફંડ**

૩૦૦૦૦ શ્રી જયેશભાઈ પ્રવીણચંદ્ર શાહ (વખતજીની શેરી)
શ્રીમતી સુધાબેન પ્રવીણચંદ્ર મોહનલાલ શાહના સ્મરણાર્થે,

૨૧૦૦૦ શ્રીમતી સુધાબેન પ્રવીણચંદ્ર મોહનલાલ શાહના સ્મરણાર્થે
તેઓના પરિવાર તરફથી (વખતજીની શેરી)

**સિધ્ધહેમ જ્ઞાનપીઠ ભેટ**

૫૧૦૦૦ પ. પૂ. સાધ્વી અમિતાશ્રીજી મ. સા.ની પ્રેરણાથી
સમરતબેન પોપટલાલ પૌષધશાળામાં આરાધના સમયે
થયેલ ફાળામાંથી (મહાલક્ષ્મી માતાનો પાડો)

**શિક્ષણ સહાય ભેટ**

૧૧૦૦૦ શ્રી મુકેશભાઈ નવીનચંદ્ર શાહ (ઢંઢેર વાડો)
ચિ. મંથને મંડળમાંથી લીધેલ વિદ્યાર્થી લોન પરત કરવા
ઉપરાંત મોકલાવેલ ભેટ

**દવા સહાય ભેટ (કેન્સર)**

૧૧૦૦૦ સ્વ. શ્રી રાજેન્દ્રભાઈ મહાસુખલાલ શાહના સ્મરણાર્થે
તેમના પરિવારજનો તરફથી (ખેતરવસી)

**દવા સહાય ભેટ**

૧૦૦૦૦ શ્રીમતી જયાબેન કિર્તીલાલ શાહ (પડીગુંદીનો પાડો)
સ્વ. શ્રી શૈલેષભાઈ કિર્તીલાલ શાહની પ્રથમ પુણ્યતિથિ
નિમિત્તે

**વિકલાંગ ઉત્કર્ષ ભેટ**

૫૦૦૧ શ્રી કાર્તિકભાઈ અરવિંદભાઈ ઝવેરી
માતુશ્રી સ્વ. શ્રીમતી રમીલાબેનના સ્મરણાર્થે (વસા વાડો)

**હેલ્થ કેર સાધન ભેટ**

૭૫૦૦ શ્રી સવિતાબેન નારાયણ ચુરી
૫૦૦૦ શ્રી રાજેન્દ્રભાઈ શાહ

## ૪૫ વર્ષ કે તેથી વધુ વયનાઓ માટે ક્રિકેટ મેચ

મંડળની સ્પોર્ટ્સ સમિતિ દ્વારા સમાજના ૪૫ વર્ષ કે તેથી વધુ વયના ભાઈઓ માટે એક દિવસીય પ્રદર્શન મેચનું આયોજન રવિવાર તા. ૧૭-૨-૨૦૧૫ના રોજ હિન્દુ જિમખાના ખાતે કરવામાં આવેલ છે. જેમાં ભાગ લેવા ઇચ્છતા ખેલાડીઓએ પોતાનું પૂરું નામ, ઉંમર, પાટણનો મહોલ્લો, રહેઠાણ વિસ્તાર, મોબાઈલ નંબર સહિતની વિગતો તા. ૫-૨-૨૦૧૫ સુધીમાં મંડળના મરીન ડ્રાઈવ તથા ગોરેગામ ખાતેના કાર્યાલયમાં રૂા. ૧૦૦/- રિફન્ડેબલ ડિપોઝિટ ભરી નોંધાવવા વિનંતી છે. જે મેચ પૂર્ણ થયા બાદ પરત કરવામાં આવશે.

મેચનો પૂર્ણ આનંદ મેળવી શકાય એવા શુભ આશયથી આપ બેટિંગ, બોલિંગ, ફિલ્ડીંગ, વિકેટ કીપીંગ વગેરેમાંથી જે ક્ષેત્રમાં પાવરધા હો તે ખાસ જણાવશો. જેથી સુયોગ્ય ટીમોની ગોઠવણી કરી શકાય.

❑ **સ્પોર્ટ્સ સમિતિ**

## શ્રી પાટણ જૈન મંડળ
### વ્યવસ્થાપક સમિતિની ત્રિવાર્ષિક ચૂંટણી
**વર્ષ ૨૦૧૫-૨૦૧૬ થી ૨૦૧૭-૨૦૧૮**

૧. ચૂંટણી માટેનો દિવસ અને સમય :
રવિવાર, તા. ૦૧-૦૩-૨૦૧૫. સવારે ૧૦ થી સાંજના ૫.

૨. ઉમેદવારી પત્રક મેળવવાના દિવસો
શનિવાર, તા. ૨૪-૦૧-૨૦૧૫ થી શનિવાર, તા. ૩૧-૦૧-૨૦૧૫
સવારના ૧૧.૦૦ થી સાંજના ૫.૦૦.

૩. ઉમેદવારી પત્રક ભરીને આપવાનો છેલ્લો દિવસ :
શનિવાર, તા. ૩૧-૦૧-૨૦૧૫, સાંજના ૬.૦૦ સુધી.

૪. ઉમેદવારી પત્રક પાછું ખેંચવાનો છેલ્લો દિવસ :
બુધવાર, તા. ૦૪-૦૨-૨૦૧૫, સાંજના ૬.૦૦ સુધી.

૫. મતદાન સ્થળો : કુલ ૭ કેન્દ્રો
૧. મરીન ડ્રાઈવ ૨. ચોપાટી ૩. તારદેવ ૪. વિલેપાર્લે
૫. ગોરેગામ ૬. કાંદિવલી ૭. બોરીવલી

૬. **મતાધિકાર ધરાવતા કુલ સભાસદો-૪૩૭૫.**

## સિધ્ધહેમ જ્ઞાનપીઠ - પાટણ

**સાધુ-સાધ્વીજી ભગવંતો અને મુમુક્ષુઓને શ્રુતજ્ઞાન પ્રદાન માટે આર્થિક સહયોગ આપનાર મહાનુભાવો**

- શ્રી રમણલાલ શાહ (પ્રદીપકુમાર એન્ડ કાં.) રિલીજીયસ ટ્રસ્ટ (કુંભારીયા પાડો)
- શ્રી કેશવલાલ કીલાચંદ ચેરીટેબલ ટ્રસ્ટ (કુંભારીયા પાડો)
- મે. કે. સેવંતીલાલ એન્ડ કાં. (ચિતારાની ખડકી)
- મે. મિલન જ્વેલર્સ (ઝવેરી વાડો)
- શ્રી ચિરાગભાઈ દિનેશભાઈ શાંતિલાલ શાહ (બ્રાહ્મણ વાડો)
- શ્રી દિનેશભાઈ રસિકલાલ શાહ (ડંક મહેતાનો પાડો)
- શ્રી યશવંતભાઈ હરિલાલ ઝવેરી (બ્રાહ્મણ વાડો)
- શ્રી મહાસુખલાલ પોપટલાલ શાહ (વાસુપૂજ્યની શેરી)
- શ્રી દિનેશભાઈ શાંતિલાલ શાહ (પોળની શેરી)
- શ્રી વિમલનાથ જૈન આરાધક સંઘ (વાલકેશ્વર)
- શ્રી જવાહર નગર જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ (ગોરેગામ)
- શ્રી સાંતાક્રુઝ જૈન તપગચ્છ સંઘ (સાંતાક્રુઝ)
- શ્રી શિરીષભાઈ રસિકલાલ શાહ પરિવાર (ઝવેરીવાડો) કલકત્તા
- સ્વ. શ્રી વિનોદભાઈ હીરાલાલ શાહ (લાદીવાળા) (કનાસાનો પાડો)
- સમ્યગ્ સાધના ઉપાશ્રયની શ્રાવિકા બહેનો તરફથી (ઢંઢેરવાડો)
- શ્રી ગુરુકૃપા માતૃમંદિર જૈન (તારદેવ)
- શ્રી વાડીલાલ ચુનીલાલ ચેરિટી ટ્રસ્ટ (મનમોહનજીની શેરી)
- સમરતબેન પોપટલાલ પૌષધશાળાના ભાઈ-બહેનો તરફથી (મહાલક્ષ્મી માતાનો પાડો)
- શ્રીમતી દમયંતીબેન મંગળભાઈ શાહ (લખિયાર વાડો)
- શેઠ મોતીશા લાલબાગ જૈન સંઘ, સી. પી. ટેન્ક
- શ્રીમતી પુષ્પાબેન સેવંતીલાલ શાહ (ડંક મહેતાનો પાડો)
- શ્રી પ્રમોદભાઈ મણિલાલ શાહ (ખેતરવસી)
- શ્રી ખોતાચી વાડી જૈન સંઘ (ખેતવાડી)
- શ્રી ચિંતન પરેશ રજનીકાંત શાહ (વખતજીની શેરી)
- શ્રી ચંપકલાલ કેશવલાલ શાહ (વીમાવાળા) (ખેતરવસી)

## તંત્રીસ્થાનેથી...

# પ્રેરણાનું પાથેય

***તમારું આપેલું સ્મિત લઈ હવે ક્યાંક સરતો,***
***તરાપો ડૂબેલો, કમળ થઈને આજ તરતો !***

જન્મ અને મરણની વચ્ચે આકસ્મિક - અનાકસ્મિક ઘટના -દુર્ઘટના બનતી આવે છે. વાસ્તવિકતા સાથેનો આપણો સંબંધ પવન અને તણખલા જેવો છે, તેને સમજણથી સ્વીકારશું તો સ્વીકૃતિ જ રહેશે વિકૃતિ નહીં રહે. પરમ આગળ આપણે પામર છીએ.બુદ્ધિને હંમેશા પ્રમાણની જરૂર છે. રાત-દિવસ, ઋતુઓનો ક્રમ, વિરાટ પ્રકૃતિનું સર્જન, કોઈ શૂન્યવકાશનું પરિણામ નથી. સૂર્યના કિરણમાં ઈશ્વરની સહી નથી એટલે એમ ન કહેવાય કે ઈશ્વર નથી.

વસંત પોતાના વૈભવ સાથે આવે છે. કોયલનો ટહૂકો એ વસંતના વૈભવનો વાચાળ સ્પર્શ છે. કોયલ ન બોલે તો વસંત સૂન લાગે. કલા આપણા ચૈતન્યનો આવિષ્કાર છે. કલા જો ઈશ્વરને કે પરમ તત્વને સમર્પિત કરીએ તો એ વ્યક્તિનિષ્ઠ ન રહેતા સમષ્ટિનિષ્ઠ થાય. આપણા આંસુ અને સ્મિત, કલ્પનાની શ્રી અને સમૃદ્ધિ, ઝંખના અને લાગણીના ગીત પરમ માટે જ હોવા જોઈએ.આપણું મન કેટ કેટલા વિચારોથી જકડાયેલું ને અકડાયેલું છે. મનને તળિયે અને સપાટી પર કેટલાય પૂર્વગ્રહો અને પક્ષપાતો પડેલા છે. સિદ્ધાંતની વાતો બહુધા અહમરંગી અભિપ્રાયો હોય છે. અવકાશમાં જ અસ્તિત્વ સંભવિત છે. ખાલી મન જ સભર થઈ શકે છે. સભરતાનો અનુભવ એટલે ખાલીપણાનો અનુભવ, ખાલીપાનો નહીં. પારદર્શક અભિગમ કેળવવાની આવશ્યકતા છે.

આપણો સમાજ ભીની માટીમાં નર્વિકાર કે નિર્વિચાર નથી, પણ દૂધનું સત્યાનાશ વાળતા ક્ષારના કણનું પ્રમાણ નજીવું હોય છે. માટે આંખ આડા કાન ન કરાય. કુદરતે કપડાં ખંખેરી નવરા થવાની છટકબારી બક્ષી છે એનો દૂરઉપયોગ ન કરાય. નીતિના ગાણાં ગાતાં પહેલાં પોતે પોતાની પ્રતિમા આયનામાં ચકાસવી જોઈએ. પ્રવાહ વિરુદ્ધ તરવાનો પ્રયાસ થાક નોતરે છે. પ્રત્યેક પડકાર તે ઝીલતી વ્યક્તિના કૌવત પર આધાર રાખે છે.

વૈવિધ્ય અને અનન્યતા ઈશ્વરની કલાનો ધ્રુવમંત્ર છે અને સમતુલા એનો લય છે. વિસ્મય વિસ્તરતો પથ છે. તડકો અને ચાંદની એકમેકના વિરોધી નથી પૂરક છે. રાત આખી તાકી તાકીને જોઈએ તો પણ ઝાંકળ - મોતી કેમ બંધાયા તેનો અણસાર પણ આપણને આવતો નથી.

ક્યારેય આપણે આપણા અહમ્‌ને ભૂલી પ્રકૃતિમાં લયબદ્ધ થઈએ છીએ ? વૃક્ષના પાન સાથે લીલીછમ વાતો કરીએ છીએ ? પંખીની પાંખના ફફડાટે આકાશમાં સ્પંદનો ઝીલ્યા છે ? નર્તન કરતાં ઝરણાના લયનો નાતો હૃદયના ધબકાર સાથે બંધાયો છે ? કાવ્ય એટલે શબ્દ, સૃષ્ટિ, સંવાદ, કલ્પના, અર્થ અને અર્થની પારની આબોહવા અને એજ જીવન.

જીવન સતત વહેતો અને કદી પાછો ન વળતો પ્રવાહ અને પ્રવાસ છે, તે ભરપૂર પ્રેમનો ખુબસુરત દરિયો છે અને તેજ નો પારાવાર પૂંજ પણ ! સ્નેહાળ સ્વીકૃતિના અહેસાસથી સકારાત્મક પરિવર્તનો ખૂબ જ સરળતાથી સિદ્ધિને પામે છે. પરિવર્તનના પગથિયા ચઢવાનું સર્વાધિક મહત્વનું છે. આપણી આંતરિક સમૃદ્ધિ અલગ અને અથાગ છે. જીવનના અનુભવોથી આત્માને સુંદર અને સંપન્ન બનાવી શકાય. માતાના ઉદરમાંથી જ બાળકમાં જીવન અને ધર્મના સ્પંદનો સતત પ્રગટતા હોય છે.

પ્રાર્થનાની યાત્રાના નકશા નથી હોતા માટે જીવ અને શીવ વચ્ચેનો સુવર્ણ સેતુ શ્રદ્ધા અને પ્રાર્થના બને છે. સકારાત્મક અભિગમ અને દૃઢતા થકી આત્માની ઓળખ શરીરની પરખ અને મનની માવજત આધ્યાત્મિકતા સાથે માણસના માનસને સ્વસ્થ અને મુક્ત બનાવે છે એકલતાને દૂર રાખે છે.

અવતરણ અને નિર્વાણ વચ્ચેના પ્રવાસપથને તે પતનપથ ન બને તે માટે સતત જાગૃત રહી સમજણપૂર્વક કર્તવ્યધર્મ કરવાનો છે. જીવનનો પથ લાંબો છે. ક્યાંક ભયનો ભેંકાર છે, ક્યાંક લોભ લાલચના ઝૂમખા લટકે છે, ક્યારેક સિદ્ધિની વીજ અલપઝલપ ઝળકે છે, ક્યારેક નૈરાશ્યની નિશા મનહૃદયને કંપાવે છે, જીવ વલવલે છે તેથી અન્યના અનુભવમાંથી શીખી આવશ્યક આયુધો ઓજારોનું ભાથુ રાખી પ્રવાસ કરવામાં શાણપણ અને શ્રેય છે. ભૌતિક જરૂરિયાતો સાથે શ્રદ્ધા, સબુરી, સમજદારી, પ્રેમ, લાગણી, ભક્તિ, સદભાવ અને સેવા જીવન કેડીને ઉજાળી રાખે છે. પારિવારિક તથા સામાજિક જગતના તાત્વિક મૂલ્યોને પારખી, પોષી જીવન શૈલી વિકસાવવી જોઈએ. હકારાત્મક જીવનરીતિ જ સાચી જીવન શૈલી છે તે એ જ પાથેય પોષક અને સુખશાંતિનું ધોતક બની રહેશે. અગવડો અવરોધોના વંટોળોના પારાવાર ભયસ્થાનો સામે સંત-મહંત સૂફી તથા ચિંતકોનો સથવારો અને આપણું જીવન ભાથામાનું પાથેય પ્રેરણા દાયક અને દિશાદર્શક બનશે. ગતિપ્રગતિ ભણી રહેશે અને સમજણની દીપ્તિ અંતરના અજવાળાને ઝળહળતા રાખશે.

માનવીના મોટાભાગના દુર્ભાગ્યો તેને જાતે જ સર્જેલા હોય છે. બીજાનો સ્નેહ ક્યારેય ઓછો હોતો નથી માત્ર આપણી અપેક્ષાઓ વધુ હોય છે. આત્મવિશ્વાસ મોટામાં મોટી સફળતા છે. મંઝિલે પહોંચવા રસ્તો ક્યારેય ચાલતો નથી આપણે જ ચાલવું પડે છે. માનવી પાસે લાગણીની ભાષા, ભાવોનો વૈભવ તથા સંવેદનશીલતા સાથે જીવનની વાસ્તવિકતા અને વાસ્તવિક જીવનની સંવાદિતા અને વિસંવાદિતાનું ગુઢ ચિંતન છલોછલ છલકે છે.

**☐ સંપાદક સમિતિ**


**MATRIMONIAL**

Name : **Deepesh A. Shah**
Father : **Amit R. Shah** • Mother : **Meena A. Shah**
Birth Dt. : **29-4-1984** • Height : **5'-6"**
Education : **Bachelor of Commerce (Marketing) USA**
Career : **Assert Manager at Excel Residential INC**
Contact : **9819363242**
Email : **mshah54@hotmail.com •Now in India upto Feb**

ADVT

**જગ્યા વેચવાની છે**

**પાટણ, કનાસાનો પાડો, જાંબલી શેરી મકાન તથા ગ્રાઉન્ડ ફ્લોર (૪૫૦ એરીયા) જગ્યા વેચવાની છે**

**સંપર્ક**

**09374664066**

ADVT

# શ્રી પાટણ જિનાલય પ્રભુભક્તિ અભિયાન સમિતિ

C/o શ્રી મરીન ડ્રાઈવ જૈન આરાધક ટ્રસ્ટ, ૭૭, પાટણ જૈન મંડળ માર્ગ, મરીન ડ્રાઈવ, મુંબઈ - ૨૦

**ચાલો પુણ્યનો લખલૂટ ખજાનો લુંટીએ ને પુણ્યાનુબંધી પુણ્ય ઉપાર્જન કરીએ.**

**પાટણના ઈતિહાસમાં પ્રથમવાર બધા જિનાલયોના સામુદાયિક શુદ્ધિકરણનો અપૂર્વ અવસર**

**પાવનનિશ્રા - પ્રેરણા પ્રદાન પાટણના પનોતાપુત્ર**

# આચાર્ય શ્રી મેઘદર્શન વિજયજી મહારાજ સાહેબ

ભારતભરમાં વસતાં સર્વ પટણી ભાઈઓમાં છેલ્લા કેટલાક સમયથી આનંદના ઘોડાપૂર ઉમટ્યા છે. પાટણના ઈતિહાસમાં સર્વ શુદ્ધિકરણ પ્રસંગે આવવા સૌ થનગની રહ્યા છે. શુદ્ધિકરણ દિવસની ચાતકની જેમ રાહ જોઈ રહ્યા છે. પ્રભુભક્તિમાં નખશીખ ભીંજાવા સૌ કોઈ તલપાપડ છે.

આપનો નંબર પણ તેમાં છે જ, એવો અમને વિશ્વાસ છે, પણ કદાચ કોઈ કારણસર હજુ આપ સપરિવાર પધારવાનું નક્કી કરી શક્યા ન હો તો આપને અમારી ખાસ આગ્રહભરી વિનંતી છે કે, બીજી બધી જ પ્રતિકૂળતાને ગમે તે રીતે અનુકૂળતામાં ફેરવીને આ ઐતિહાસિક અવસરના સાક્ષી બનવાનું ચૂકશો નહીં. ભાવિમાં આવો અપૂર્વ અવસર ફરી ક્યારે આવશે તે કહી ન શકાય આપ આપની આવનારી પેઢીઓને કહી શકશો કે આપણા પાટણ મહાતીર્થમાં રહેલા પ્રત્યેક તીર્થ સમાન જિનાલયોના સામુદાયિક શુદ્ધિકરણના અદ્વિતિય ઐતિહાસિક પ્રસંગમાં હું હાજર રહી મેં આ પ્રસંગને માણ્યો છે.

**આ શુદ્ધિકરણનું સમગ્ર સંચાલન અમદાવાદ સ્થિત 'જીનાજ્ઞા યુવાગ્રુપ' ૧૨૦૦થી વધુ યુવક-યુવતીઓ સંભાળશે**

તો હવે મોડું ન કરતાં પરિવારના તમામ સભ્યોની રેલ્વેટીકીટ જલ્દીથી આરક્ષિત કરાવીને આજથી જ પુણ્યપાર્જન શરૂ કરી દો.

બન્ને દિવસ ત્રણે સમય સાધર્મિકભક્તિનું આયોજન પંચાસર પરીસરમાં કરેલ છે. આપ સૌને લાભ આપવા નમ્ર વિનંતી.

## સામુદાયિક શુદ્ધિકરણના ઐતિહાસિક કાર્યક્રમની રૂપરેખા

**પૂજ્ય ગુરુદેવનું સામૈયું**
**તા. ૧૪-૨-૨૦૧૫, મહા વદ ૧૦ શનિવાર, સવારે ૯ કલાકે**

**''પાટણનો પ્રભાવ'' વિશેષ પ્રવચન**
**બપોરે ૩ થી ૫ કલાકે**

**સ્નેહમિલન : સાંજે ૭.૦૦ કલાકે**

**શિખર, ઘુમ્મટ, સામરણ વગેરેનું શુદ્ધિકરણ**
**તા. ૧૫-૨-૨૦૧૫, મહા વદ ૧૧, રવિવાર, સવારે ૬ થી ૮ કલાકે**

**પરમાત્મા, નભારો, શ્રી મંડળ, દિવાલો, ઝુમ્મરો ફ્લોરીંગ**
**વગેરે સમગ્ર જિનાલયનું શુદ્ધિકરણ**
**સવારે ૧૦.૩૦ કલાકથી**

પાટણ જિનાલયમાં ગૌરવને વધારવા થનારા અનેકવિધ આયોજનમાંના ખર્ચને પહોંચી વળવા રૂા. ૧ લાખ તથા રૂા. પાંચ હજારની યોજનાઓ રાખવામાં આવી છે. જેમાં આપશ્રીને ઉદારદીલે જોડાવા વિનંતી છે.

પાટણમાં આપની સુંદર વ્યવસ્થા કરી શકીએ તે માટે નીચે આપેલ વિગતો ભરીને **તા. ૫-૨-૨૦૧૫** સુધી મોકલાવી આપવા વિનંતી છે.

**સંપર્ક :**

**શ્રી ભરતભાઈ દલપતભાઈ શાહ મો. ૯૮૨૦૧૫૭૦૭૭ • શ્રી કમલેશભાઈ જીવણલાલ ઝવેરી મો. ૯૮૨૦૦૭૦૯૮૫**

**શ્રી કમલેશભાઈ ચંપકલાલ શાહ મો. ૯૮૨૦૦૪૫૫૯૫ • શ્રી જયેશભાઈ હરસુખલાલ શાહ મો. ૯૮૩૩૧૧૬૨૬૨**

---

**નીચેની વિગતો ભરીને તરત મોકલવા વિનંતી છે.**

મુખ્ય નામ : ........................................................ મહોલ્લો :................

સરનામું...............................................................................

મો. નં.................................... ઈમેલ..........................................

- પાટણ મહોલ્લાના દેરાસર માટે સમય આપશો ? • પાટણ ગૌરવ માટે મુંબઈ રહીને સમય આપશો ?
- શુધ્ધિકરણ માટે પાટણ આપશ્રી કેટલા જણ પધારશો ?
- આપની ઉતરવાની વ્યવસ્થા : પોતાના ઘરે ( હા / ના )
- ધર્મશાળામાં રહેવાની વ્યવસ્થા તમે કરવાનો છો કે અભિયાન સમિતિએ કરવાની છે ?

(પંચાસર ધર્મશાળામાં વહેલા તે પહેલા ધોરણે વ્યવસ્થા ગોઠવાશે.)

## MY WISH

*When I was a kid I used to wonder,*

*When I grow up where would I be?*

*I want to be where studying is always fun*

*I want to be where I can play and run,*

*I want to be where teachers are so kind*

*I want to be where I can always speak my mind,*

*I want to be where there is no pressure or fear*

*I want to be where there is always laughter and no tears*

*Now I know where I want to be*

*Yes G.B.M.S. is the place and school where I want to*

*HAPPY 60th YEAR TO ALL GOPI BIRLAITES.*

**JIA KAUSHAL GUNDERWALA,** Std.1I[nd]


**MATRIMONIAL**

**Name :AVNI ATUL SHAH**
Mother : Hiteshri. Father : Atul Premchand Shah
Mohollo : Nishal no Pado. D.O.B. 12/12/1989. Height : 5' 4"
Education : B. Com.,Graduate, IATA.
Occupation : Service, Travel Agency.
Address :Andheri (W).Preference : Well Settled
**Contact : Mrs. HITESHRI; + 919819490454.**
Email : avnishah903@yahoo.com ADVT


## આકસ્મિક મળી...જિંદગી

હું, આકસ્મિક આવી મળી,
સોનવર્ણા શૈશવે મ્હાલી;
એક અનેરૂ સ્વપ્ન બની,
મા-બાપની મિરાત બની!

આશાનો સંચાર બનેલી,
નવલા સપને મઢેલી;
ચાતક માટે વર્ષા બની,
ઉર્મિ ઉમંગે થનગની!

સ્વજન હૈયે હર્ષઘેલી,
વસંતની વિદ્યાર્થી બની;
શિક્ષણ સાથે ઘડાયેલી,
નિર્મળતાનો સ્પર્શ બની!

પતિ-પત્નિ બાળક બની,
સંસ્કારની સોનોગ્રાફી બની;
સુખ-દુઃખ સાથે જડેલી,
વેદના - સંવેદના બની!

રવિ કિરણ તેજ બની,
લહેર સાથે સળવળી;
પાન પર ઝાંકળ બની,
જીવન સંજીવની બની!

વ્યક્તિ વાચા સાથે હળેલી,
જીવન વૈભવ બનેલી;
કાગળની હોડકી બની,
સ્મૃતિઓને પાને સરેલી!

યૌવન સાથે મુગ્ધા બની,
સમયની સાથે વરેલી;
શ્વાસને વિશ્વાસ ભરેલી,
મૌનની એકોક્તિ બનેલી.

સંકલ્પ સારથિ બનેલી,
જીવન અસ્તિત્વ થયેલી;
ક્ષણને વધાવો હાલની,
ચિંતા છોડો હવે કાલની!

હું, જિંદગી આમ જ મળી,
છોડી સઘળું અહીં, ચાલી!

**મ. નૌ.**


**શ્રી પાટણ પંચાયત ફંડ સંચાલિત શેઠાણી હિરાલક્ષ્મી પુનમચંદ કોટાવાળા જૈન ભોજનશાળા**

ટાંગડિયા વાડો, પાટણ-ફોન : ૦૨૭૬૬-૨૨૫૮૫૩

**નૂતન સહાય યોજના**

**મુખ્ય આધાર સ્થંભ : રૂા. ૩,૧૧,૦૦૦/- ● સહાયક આધાર સ્થંભ : રૂા. ૧,૧૧,૦૦૦/-**

**કાયમી તિથિ : રૂા. ૩૧,૦૦૦/- ● દાતા ફોટો યોજના : રૂા. ૩૧,૦૦૦/-** રકમ આપનાર દાતાનો ફોટો ભોજનશાળા હૉલમાં મૂકવામાં આવશે.

**વાર્ષિક ચતુર્વિધ સંઘ ભક્તિ સહાયક યોજના : રૂા. ૨,૫૦૦/-** ચતુર્વિધ સંઘ ભક્તિનો એક દિવસની તિથિનો લાભ મેળવી શકો છો.

**તિથિના દિવસે બોર્ડ પર લાભાર્થીના નામ લખવામાં આવશે.**

**આ સંસ્થાને અપાતું દાન ૮૦-જી અનુસાર કરવેરામાં રાહતને પાત્ર છે**

સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા એટલે કે ચતુર્વિધ સંઘ જૈની ગણના જૈનશાસ્ત્રમાં પચ્ચીસમાં તીર્થંકરની બરાબર કરવામા આવેલ છે. એ ચતુર્વિધ સંઘની ભક્તિનું ઉત્કૃષ્ટ કાર્ય આપણા વડીલોએ સ્થાપેલ પાટણની આ ગૌરવવંતી સંસ્થા છેલ્લા ૧૧૦ વર્ષથી કરતી આવી છે. આપશ્રી પણ આપની ભાવના અનુસાર ઉપરોક્ત કોઈપણ યોજનામાં સહયોગ આપી સમાજસેવાનું અતિ ઉત્કૃષ્ટ કાર્ય કરી શકો છો.

**વધુ વિગત માટે સંપર્ક : શ્રી મહેન્દ્રભાઈ કસ્તુરચંદ શાહ - મો. ૯૮૨૧૦૧૨૫૧૮**

● સૌજન્ય : **મે. પ્રદીપકુમાર ફાર્મા પ્રા. લિ. તથા મે. કે. સેવંતીલાલ એન્ડ કું., મુંબઈ** ● ADVT

## વખતજીની શેરીનું પાટણ મુકામે અભૂતપૂર્વ સ્નેહમિલન ૨૦૧૪

શ્રી સંભવનાથ દાદા અને મુનિ સુવ્રતસ્વામી ભગવાનનાં અનુગ્રહથી વખતજીની શેરી, ફોફલિયાવાડામાં, દિનાંક ૨૫ ડિસેમ્બર થી ૨૯ ડિસેમ્બર દરમ્યાન, યોજાયેલ સ્નેહમિલનમાં ૪૦૦થી વધુ સદસ્યો ઉપસ્થિત રહેલ. નિત્ય કાર્યક્રમમાં સવારે ચોઘડિયાં, પ્રભાતિયાં, ચૈત્યપરિપાટી, ભગવાનની પૂજાઓ, સ્નાત્ર પૂજા, રાત્રિ સંગીતમય ભાવના સાથે સકળ તીર્થ દર્શન, અરિહંત વંદનાવલી, સ્નાત્ર મહાપૂજા, લઘુ શાંતિસ્નાત્ર અને સત્તરભેદી પૂજામાં હર્ષોલ્લાસ સાથે સામૂહિક રીતે સર્વેએ ભાગ લીધો હતો. સાંસ્કૃતિક કાર્યક્રમમાં આરતી હરીફાઈમાં બાળકો અને બહેનોએ મોટી સંખ્યમાં ભાગ લઈ સુંદર રચના કરેલી. ધાર્મિક જૈન સ્તવનોની હરીફાઈમાં ૨ થી ૮૧ વર્ષના બાળકો, બહેનો અને ભાઈઓએ મોટી સંખ્યામાં સંગીતમય પ્રસ્તુતિ કરીને નિર્ણાયકોનું કામ કપરૂં બનાવેલ હતું. બાળકોએ કુંભાર પાસે ચાકડો ફેરવી માટીના વાસણ બનાવવાનો આનંદ પણ મેળવ્યો હતો. પાટણ નગરના વરઘોડામાં બાળકો અને યુવાનોએ ભગવાનના રથને સ્વહસ્તે ખેંચીને પાટણવાસીઓને મુગ્ધ કરી દીધા હતાં. દેરાસરમાં બહેનોએ સ્વહસ્તે કરેલી સજાવટ, મહાપૂજામાં ભવ્ય આંગીરચના, ફૂલોથી અને દિવાથી સુશોભન, ધાર્મિક પ્રસંગો, ઉપદેશોને અનુરૂપ આકર્ષક આરતી પ્રદર્શન, શેરીમાં વિવિધતાવાળા ડેકોરેશનના દર્શનાર્થે પાટણવાસીઓ ઉમટી પડેલ. કુમારપાળ રાજાએ ભગવાનની ૧૦૮ દિવાથી આરતી ઉતારી. નાના રથમાં બિરાજમાન પ્રભુ વાજતે ગાજતે ફોફલિયા વાડામાં પ્રત્યેકના ઘરે પધારેલ, ત્યારે પ્રત્યેકે ઉમળકાભેર કરેલ ભગવાનના સ્વાગતનું દૃશ્ય અવિસ્મરણીય બની ગયું. ટેલન્ટ હરીફાઈએ તો ગુજરાત, રાજસ્થાન, મહારાષ્ટ્ર, કાશ્મીર, તામિલનાડુ, કેરાલા જેવા અનેક રાજ્યોની અનેક વિવિધતા એક સાથે વખતજીની શેરીમાં ઊભી કરીને ભારત દેશની પ્રતિકૃતિ ઊભી કરાઈ હતી.

સદર સ્નેહમિલન દરમ્યાન વખતજીની શેરીના ૨૦૦ બાળકો, યુવાનો અને પ્રૌઢોએ પાટણ નગરમાં ટ્રેઝર હન્ટ થકી માહિતી મેળવવામાં દોડ લગાવીને વ્યક્તિગત તથા સામૂહિક યોગદાન કરેલ છે. 'માસ્ટર ચેફ' હરીફાઈમાં અવનવી વાનગી બનાવીને તેની મનમોહક પ્રસ્તુતિ કરીને પંચ તારક હોટલનું વાતાવરણ સર્જ્યું હતું. મનોરંજનના કાર્યક્રમમાં રમતગમતો, ટેલીમેચ, ઑડિયો વિઝ્યુઅલ ગેમ્સ, રોજે રોજના લક્કી ડ્રોએ દરેકને મોડી રાત સુધી જાગવાને મજબૂર કરેલ.

નવકારશી, બપોરનું જમણ, અને સાંજના ચૌવિહાર જમણની પૂર્ણપણે વિવિધતાભરી મિજબાની સૌ કોઈએ માણી હતી અને ૩૦ ડિસેમ્બરના રોજ દ્વાર ઉદ્‌ઘાટન બાદ સંપૂર્ણ કાર્યક્રમની મીઠી યાદો વાગોળતાં છૂટા પડ્યાં હતાં.


### MATRIMONIAL

**BOY'S NAME : JIGNASHU RAJENDRA VORA**
Date of Birth : 5th August, 1982
Education : Studying Business Finance
Occupation : Job
Address : Samrat Ashok Society, Walkeshwar, Mumbai.
Mobile : 9820095422 Resi. : 23619626
Native Place : Patan (Lakhiyar Vado)
Father : Rajendra K. Vora, Mother : Arnika R. Vora
ADVT.


## શ્રી કોકા પાર્શ્વનાથજી ભગવાનની સાલગીરીની ઉજવણી

શ્રી કોકા પાર્શ્વનાથજી ભગવાનની સાલગીરી મહા વદ ૧ (બીજી એકમ) ગુરૂવાર તા. ૫-૨-૨૦૧૫ના રોજ આવે છે. સાલગીરીની ઉજવણી નીચેના સ્થળે અને સમયે રાખવામાં આવી છે તો કોકાપાડાના દરેક ભાઈઓ–બહેનોની સમયસર હાજરી જરૂરી છે. આવતા ડિસેમ્બરમાં ઓચ્છવ કરવાનો છે જેની તૈયારીની મિટીંગ પણ રાખવામાં આવી છે.

**સ્થળ :** શ્રી ચંદ્રપ્રભુ સ્વામી જીનાલય, સ્ટેશન રોડ, બજાજ રોડની બાજુમાં, વિલેપાર્લા (વેસ્ટ) (નાણાવટી દેરાસર) પૂજા-સવારના ૯ થી ૧૨, મિટીંગ ૧૦ થી ૧-૩૦ અને જમણ ૧૧-૩૦ થી ૧-૦૦.

## મારફતીયા મહેતાના પાડાનો પંચાન્હિકા મહોત્સવ

મારફતીયા મહેતાના પાડામાં આવેલા શ્રી મુનિસુવ્રતસ્વામી જિનાલયમાં તા. ૨૫-૧૨-૨૦૧૪ થી તા. ૩૦-૧૨-૨૦૧૪ના રોજ પંચાન્હિકા મહોત્સવ ઉજવવામાં આવેલ હતો. આ જીનાલય લગભગ ૫૬૫ વર્ષ પ્રાચીન છે. આવા પ્રાચીન દેરાસરમાં મહોલ્લાના ભાઈઓ મુંબઈ, અમદાવાદ, વડોદરા, સુરત, કલકત્તા વિગેરે જુદી જુદી જગ્યાએથી માદરે વતને પ્રભુ ભક્તિ કરવા આવેલ હતા.

દરરોજ પૂજનો, સાંજના ભાવના તેમજ રવિવારના રોજ રથયાત્રાનો વરઘોડો પાટણના રાજમાર્ગો પર નીકળ્યો હતો. દરરોજ રાત્રે પ્રોગ્રામ રાખવામાં આવેલા હતા. સભ્યોએ ઓચ્છવમાં ભક્તિ તેમજ પ્રોગ્રામમાં આનંદ માણ્યો હતો.

શ્રી મહેન્દ્રભાઈ રીખવચંદ શાહ પરિવાર દ્વારા ઓચ્છવ દરમિયાન બે દિવસનો મેડિકલ ફ્રી ચેક અપ કેમ્પ રાખવામાં આવેલ.

મહોલ્લાના ટ્રસ્ટીગણ પરિવારોની અનુમોદના તેમજ આખા ઓચ્છવ દરમ્યાન સર્વે કાર્યકર્તાઓનો આભાર માન્યો હતો. શ્રી પંકજભાઈ ખાખરાવાળા તેમજ તેમના ધર્મપત્ની અલકાબેન જેમણે પાંચ દિવસ ઓચ્છવમાં વિઘ્ન ન આવે માટે મહારાજ સાહેબના કહેવાથી આયંબિલ કરી તેમની ટ્રસ્ટીગણ અનુમોદના કરે છે.

અન્ય શ્રાવક કે શ્રાવિકામાંથી ઓચ્છવ દરમ્યાન આયંબિલ કરેલ હોય તો શ્રી પરેશભાઈ અમૃતલાલ શાહ ૯૮૨૦૦૭૨૬૩૧ જણાવવા વિનંતી છે.


### MATRIMONIAL

**Name : Bhautik Ramesh Shah**
Father's Name : Ramesh Chandulal Shah
Mother's Name : Jyotsna Ramesh Shah
Mahollo : Khetarvasi -- Mahadevajini Sheri
Date of Birth : 28.01.1987; Height : 5'-11"
Education : M. S. in Computer Network
George Washington University
Washington D.C.– USA
**Work :** Sr. System Engineer of
Secure Net Payment System, Austin, TX. USA
**Residence** : A/401, Gaj Laxmi Apartment
Parsi Panchayat Road, Andheri (E), Mumbai – 400 069.
**Contact :** (M) 9819956224;(M) 9869032455, (R) 26824593
Email : bhautikrs@gmail.com
**Comming to India in Last week of January 2015**
ADVT.

# સ્વાગતમ્ ! સ્વાગતમ્ ! સુસ્વાગતમ્ !

## ઝીણો ઝીણો ઊડે રે ગુલાલ આદિજિને પ્રાસાદને પ્રાંગણે

**માતુશ્રી ગજીબેન** તથા **પિતાશ્રી પોપટલાલ નગીનદાસ શાહ** (વાસુપૂજ્યની શેરી)ના આત્મશ્રેયાર્થે **શ્રી પાટણ જૈન મંડળ છાત્રાલય પાટણ** મધ્યે **શ્રીમતી રંજનબેન તથા શ્રી બચુભાઈ પોપટલાલ શાહ** નિર્મિત ઝગમગતા તારલા મઢેલ પૂર્ણજિર્ણોદ્ધારિત દેવવિમાનસમ આદિજિનપ્રસાદનો પ્રતિષ્ઠા મહોત્સવનો મહામૂલો અવસર ટકોરા મારી રહ્યો છે.

***અતિતની અટારીથી...***

સંવત ૧૯૭૬ના પ્રથમ શ્રાવણ સુદ ૭ના રોજ **સ્વ. શેઠ શ્રી જેશીંગભાઈ ઝવેરચંદે** પોતાની વાડી બંગલાઓ સાથે બોર્ડીંગને ભેટ આપતા દેરાસરની સ્થાપના કરવામાં આવી. શરૂઆતમાં સ્થળ સંકોચને કારણે છાત્રાલયના વિદ્યાર્થીઓ સાલવીવાડામાં આવેલ દેરાસરજીમાં સેવા, પૂજાર્થે જતા. શિયાળો, ઉનાળો તથા ચોમાસા દરમ્યાન વિદ્યાર્થીઓને અગવડ પડતી. શ્રી કરસનલાલ જેઠાલાલ લક્ષ્મીચંદ દ્વારા લાકડા ઉપર મઢેલ પીત્તળનું કોતરણીવાળું ત્રીસમણ વજનનું ભવ્ય સિંહાસન પ્રથમ બંગલા આગળ બાંધેલી ઓરડીમાં ગોઠવી દરેસરજીની ગોઠવણ કરવામાં આવી હતી.

ચિતારાની ખડકીવાળા **શ્રીમતી ઈચ્છાબેન વાડીલાલ ધરમચંદ, શ્રી ભીખાચંદ વસ્તાચંદના બહેન બાપુબહેન** તથા અન્ય મહાનુભવોના સાથે સહકાર સાથે દેરાસરજી માટે નિમેલ સ્થાનિક સમિતિના **શ્રી ચુનીલાલ વીરચંદ કોટાવાળા, શ્રી મોતીલાલ નહાલચંદ તથા શ્રી વાડીલાલ હીરાચંદ**ની સખત મહેનત થકી. સંવત ૧૯૯૦ના વૈશાખ સુદ ૩ ના રોજ પ્રતિષ્ઠાવિધિ કરી ભગવાન શ્રી ઋષભદેવને બીરાજમાન કરવામાં આવ્યા. સંસ્કાર નગરી પાટણના પથસારથિઓ ભૂરિ ભૂરિ અનુમોદના.

***વર્તમાન વિશેષ...***

લબ્ધ પ્રતિષ્ઠિત મેઘાવી વ્યક્તિત્વ ધરાવતા **શ્રી બચુભાઈએ** પ્રારંભિક અને ઉચ્ચ શિક્ષણ બાબુ પનાલાલ હાઈસ્કુલ તથા જયહીંદ કૉલેજમાં મેળવી વર્ષ ૧૯૫૯-૬૨માં કેમીકલ ટૅક્નોલોજી યુએસએ માં પૂરુ કર્યું.મિત્રો સાથે સ્થાપેલ ઈચ વન ટીચ વન ચેરિટેબલ ફાઉન્ડેશન અંતર્ગત ૧૦,૦૦૦ વિદ્યાર્થીઓ શિક્ષણ મેળવી રહ્યા છે, જૈન મેન્યુસ્ક્રીપ્ટ લખવાનો શ્રુતગંગા પ્રોજેક્ટ અંતર્ગત અત્યાર સુધી ૫૦૦૦ ગ્રંથો લખાઈ ગયા છે.

પાટણ મધ્યે સાધર્મિક ભક્તિ તેઓ ફરી રહ્યા છે. શ્રી શંખેશ્વર તીર્થધામ મધ્યે આકાર પામી રહેલ અદભૂત **શ્રી પ્રવચન શ્રુતતીર્થ**ના પ્રથમ અધ્યક્ષ તરીકે **શ્રી બચુભાઈની** નીમણુક સમસ્ત પાટણ સમાજને ગર્વ અને ગૌરવ અપાવનારી છે. પાટણ છાત્રાલય મધ્યેના **શ્રી પાટણ જૈન મંડળે** આપેલ આદેશ થકી અઢી વર્ષના ટૂંકા ગાળામાં સ્વદ્રવેય દેવવિમાન તુલ્ય નયન રમ્ય **શ્રી આદિજિન પ્રાસાદ** બનાવવામાં તેઓ સફળ થયા છે તેમની હાર્દિક અનુમોદના કરીએ છીએ.


## MATRIMONIAL

**NAME : VINIT DILIP SHAH**
Birth Date : 28th August, 1986
Birth Place & Time : Mumbai (9.58 am IST)
Height : 5'-11 - Blood Group : O+
Education : B. Com, Mumbai
Purchase Executive at Kantilal Chhotalal, Mumbai.
Frequent International Traveler For Size Diamonds
Parents : Geeta & Dilip Popatlal Shah
Residence : B/105, Kamala Ashish No. 3, CHS Ltd; Mahavir Nagar, Dahanukar Wadi, Kandivali-West, Mumbai-400 067.
Contact No.: 07666911051 & 09320038311
E-mail Id : sspdps01@gmail.com
Patan : Kumbhariyavado.
Advt

## MATRIMONIAL BIODATA

**Boys Name : DEEP JAGATKUMAR SHAH**
Date of Birth : 22, August 1986; Height : 5'-5"
Place and Time of Birth : Mumbai, 3:40 PM 15:40 hrs
Native Place : Vasawado, Patan (N. Gujarat)
Father: Jagatkumar S. Shah. Mother: Vinaben
Education : M. S. in Electrical Engineering, University of California : Los Angeles (UCLA)
B. S. in Elec.Engg.University of California: Riverside
Occupation : Communication System Engineer at Northrup Grumman, Los Angeles, California.
Res. Address : 17620 Windward Terrace, Bellflower, CA – 90706, USA. Email : dshah007@gmail.com
**Contact No. :** +15622197358; +91-22-28761335; +91-9969182288
**Comming to Munbai on 21-January-2015**
ADVT

## પશુ સારવાર કૅમ્પ

પાટણના કેશુ શેઠના પાડાના **શ્રીમતી સોમીબેન બાલુભાઈ શાહ**ના સૌજન્યથી પશુપાલન શાખા, જિલ્લા પંચાયતના સંયુક્ત ઉપક્રમે પાટણ ખાતે સતત પાંચમાં વર્ષે અબોલ પશુ સારવાર કેમ્પનુ આયોજન કરવામાં આવેલ. જેમાં સૌથી વધુ ૫૨૦ ઊંટોને ચકરી તેમજ ખસ-ખરજવું-ઘાઘર જેવા રોગોની દવા ઈન્જેક્શન આપી બિમારીથી સુરક્ષિત કરાયા હતા, ૬ પશુઓને વિવિધ મોટી બિમારીની મોટી સર્જરી અને ૧૭ પશુઓની નાની સર્જરી કરવામાં આવી હતી, જેમાં મુખ્યત્વે એક ગાયનો શિંગડાના કેન્સરનું ઑપરેશન કરવામાં આવ્યું હતું. ૭૦ પશુઓને વિવિધ બિમારીની સારવાર અને ૬૩ પશુઓને ગર્ભાશયને લગતા રોગોની સારવાર આપવામાં આવી હતી. તેમજ એક પશુને બીજ દાન કરવામાં આવેલ, જ્યાર ૧૧૬ પશુઓને કૃમિનાશક દવાની સારવાર સહિત કુલ ૭૭૬ પશુઓને સારવાર અપાઈ હતી.

આ પ્રસંગે આયોજીત સમારંભમાં જિલ્લા વિકાસ અધિકારી **શ્રી વી. એન. દેસાઈ** તેમજ મુખ્ય મહેમાન વિભાગીય સંયુક્ત પશુપાલન નિયામક **ડૉ. કે. વી. પટેલ** અને અતિથી વિશેષ તરીકે વાસુપૂજ્યની શેરીના **શ્રી મહાસુખભાઈ પોપટલાલ શાહ** (બચુકાકા) સહિત મોટી સંખ્યામાં આગેવાનો તેમજ સ્થાનિક અગ્રણીઓ અને પશુપાલન શાખાના અધિકારીઓની ટીમ ઉપસ્થિત રહી હતી. આ ઉપરાંત કેમ્પના દાતા **શ્રી ભરતભાઈ બાલુભાઈ શાહ** અને પરિવાર સહિત ચાલીસ જેટલા મહેમાનો પાટણ પધાર્યા હતા.

પાટણ જિલ્લામાં છ લાખ જેટલા પશુઓ છે. ત્યારે તંત્ર દરેક પશુઓ સુધી પહોંચી શકતું નથી, પશુપાલકો તેમના પશુઓની મોંઘી સારવાર અપાવી શકતા નથી, તેવા સંજોગોમાં છેલ્લા પાંચ વર્ષથી આ જ દાતાશ્રીના સંપૂર્ણ આર્થિક સહયોગથી યોજાતા પશુપાલન કેમ્પમાં વિના મુલ્યે દવા અને સારવારનો લાભ લઈ અમુલ્ય જીવદયાનું કામ થઈ રહ્યું છે.

આધુનિક સમયમાં કતલખાનાઓમાં ધકેલાતા અબોલ જીવોના કારણે સંસ્કૃતિને મોટો ધક્કો પહોંચી રહ્યો છે ત્યારે કેમ્પના દાતા શ્રી ભરતભાઈએ સ્વાગત પ્રવચનમાં અબોલ પશુઓને બિમારી અને વેદનાથી મુક્ત કરવા જેટલું કરીએ તેટલું ઓછું રહેશે તેવા ભાવ વ્યક્ત કરેલ તેમજ પશુઓના ઑપરેશન માટે લેસર સર્જરી વસાવવા માટેનું સાધન વસાવવા સરકારી ગ્રાન્ટની જોગવાઈ ન થાય તો **પોતાના તરફથી રૂા. ૫ લાખ સુધીની સહાય આપવાની પણ જાહેરાત કરવામાં આવી હતી.**

## સંસ્થા સમાચાર

**શ્રી પાટણ જૈન મંડળ કલકત્તાના** ઉપક્રમે તા. ૧૧-૧-૨૦૧૫ના રોજ **મુરબ્બી શ્રી પનાલાલ અંબાલાલ શાહ** જેઓ કલકત્તા મિત્રમંડળના સ્થાપક સભ્યમાના વડિલ, તેમજ છેલ્લા ત્રીસ વર્ષથી પ્રમુખ પદનું સ્થાન શોભાવી રહ્યા હતા. તેઓ કાયમ માટે કલકત્તા છોડીને મુંબઈ, સુરત સ્થળાંતર કરી રહ્યા હોવાથી તેઓનું વિશેષ સન્માનનું આયોજન તેમજ વાર્ષિક સ્નેહ સંમેલનનું આયોજન કરવામાં આવેલ, જેમાં કલકત્તા સ્થિત પાટણના દરેક પરિવારોએ હાજરી આપી **શેઠ શ્રી પનાલાલ અંબાલાલ શાહ**ને સન્માન પત્ર તેમજ શાલ ઓઢાડી બહુમાન કરવામાં આવેલ. આ પ્રસંગે સંસ્થાના વડિલો **શેઠ શ્રી સુરેશભાઈ વૃજલાલ શાહ, શેઠ શ્રી જશવંતભાઈ અમૃતલાલ ઝવેરી, શેઠ શ્રી કિર્તીભાઈ કેશવલાલ શાહ, શેઠ શ્રી યશવંતભાઈ મણીલાલ શાહનું** પણ તેમણે આપેલી સેવા બદલ બહુમાન કરવામાં આવેલ. ત્યારબાદ યોજાયેલ જમણવારનો લાભ લઈ સૌ છૂટા પડ્યા હતા.

આ કાર્યક્રમને સફળ બનાવવા **શ્રી કલ્પકભાઈ શાહ, શ્રી રાજભાઈ શાહ, શ્રી મયુરભાઈ શાહ, શ્રી સમીરભાઈ શાહ, શ્રી નિલેશભાઈ શાહ, શ્રી મુકેશભાઈ ઝવેરી** તેમજ **શ્રી સતીશભાઈ ઝવેરી** પ્રત્યે આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

XXX

**શ્રીમતી જાસુદબેન રીખવચંદ ભગિની સમાજના** સહયોગ તેમજ શેલ્બી હૉસ્પિટલ-અમદાવાદના પૂર્ણ સહકારથી મારફતીઆ મહેતાના પાડાના પંચાન્હિકા મહોત્સવ દરમ્યાન તા. ૨૫-૨૬ ડિસેમ્બર, ૨૦૧૪ના પાટણ ખાતે સંસ્થાના મકાનમાં મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવેલ, જેમાં ઑર્થોપેડિક, ENT અને ગાયનેકના નિષ્ણાત ડૉક્ટરોએ સેવા આપી હતી.

આ કૅમ્પમા ૧૭૪૦ દરદીઓનું ચેકીંગ કરવામાં આવેલ, જેઓનું ECG, X-Ray, ગાયનેક, MRI, Bone Dencityની તપાસ કરવામાં આવેલ, ૨૦ થી ૭૦ દિવસોની ડૉક્ટરની સલાહ મુજબ દવાઓ આપવામાં આવેલ તેમજ ગાયનેક ડૉ. ઝલકબેન તરફથી પાટણ ખાતે તેમજ અમદાવાદ ખાતેની શેલ્બી હૉસ્પિટલમાં ફ્રી ચેક-અપ કરી આપવામાં આવશે તેવી જાહેરાત કરાયેલ. આ કેમ્પનું નેતૃત્વ **ડૉ. ભરત ગજ્જર** દ્વારા કરવામાં આવેલ. MRI તથા X-Ray માટે પાટણની જનતા હૉસ્પિટલ દ્વારા પણ દરમાં રાહત અપાયેલ. આ કેમ્પ મારફતીયા મહેતાના પાડાના **શ્રી મહેન્દ્રકુમાર રીખવચંદ શાહ પરિવાર**ના સંપૂર્ણ સહયોગથી સાકાર પામેલ.


અતિથિગૃહ

- KKKના અતિથિગૃહમાં ૪ બ્લોક તથા શ્રી શીતલ શાંતિભવન ખાતેના ત્રણ બ્લોકોની વ્યવસ્થા છે.
- આ દરેક બ્લોકમાં એસી, ટીવી તથા ગરમપાણી સહીત અદ્યતન સુવિધાઓ ઉપલબ્ધ છે.
- નવકારશી, બપોરના જમવા સાથે ચઉવિહારની સગવડ છે.
- પાટણ દર્શનની વ્યવસ્થા કરી આપવામાં આવશે.

**KKK અતિથિગૃહ બુકીંગ માટે સંપર્ક :**

કનાસા કલ્યાણ કેન્દ્ર પાટણ - 02766-224720

જનક બાલુભાઈ શાહ - 09323115714

કમલ બાબુભાઈ શાહ - 09820063762

**શ્રી શીતલ શાંતિભવન બુકીંગ માટે સંપર્ક :**

શરદ પટવા - પાટણ- 02766 220040

શૈલેષ કેશવલાલ શાહ - 09821023693

**શિયાળો આવે છે KKK સાલમપાક લાવે છે**

**કનાસા કલ્યાણ કેન્દ્ર**

સહર્ષ જણાવવાનું કે, દર વરસની જેમ આ વરસે પણ પૌષ્ટિક, સાત્વિક, સ્વાદિષ્ટ સાલમપાક મળી શકશે. આ ઉપરાંત શિયાળામાં ખાસ મઠના તથા મેથીના ખાખરા મળશે. રાબેતા મુજબ ઘીના સફેદ ખાખરા, મસાલાના ખાખરા, મીઠી / તીખી મુગડીના, સાજીના મરીના સફેદ / લાલ પાપડ પણ મળશે.

**ઓર્ડરથી મીઠાઈમાં દેવડા, મગદળ, મોહનથાળ ઓછામાં ઓછા ૨૦ કિલોના ઓર્ડરથી બનાવી આપવામાં આવશે.**

**સંપર્ક: જીતુભાઈ - 022-32053690 • જયેશભાઈ - 099-203-85597**

**નવા વર્ષની મેમ્બરશીપ**

કનાસા કલ્યાણ કેન્દ્ર સફળતાપૂર્વક ૧૦ વર્ષ પૂર્ણ કરી ૧૧માં વર્ષમાં પ્રવેશ કરી રહ્યું છે. વર્ષ ૨૦૧૫ના લવાજમ માટે રૂા. ૨૨૦૦/- જ રાખવામાં આવ્યા છે. આપ નીચે જણાવેલ કોઈપણ સ્થળે ફોર્મ ભરી મેમ્બર બની શકશો. આપના કુટુંબીજનો, સગા-વહાલા તથા મિત્રોને મેમ્બર બનાવવા પ્રયત્ન કરશો. ફોર્મ તથા પૈસા નીચે જણાવેલ વ્યક્તિઓ પાસે જમા કરાવશો.

| | | | |
|---|---|---|---|
| Walkeshwar Dehrasar | Marine Drive | Kalbadevi Road | Gowalia Tank |
| Meenaben - 9833271499 | Deepakbhai - 9820522936 | Janakbhai - 9323115714 | Kamalbhai - 9820063762 |
| Pydhonie / Nagdevi | Pydhonie / Nagdevi | Vile Parle | Santacruz / Vile Parle |
| Shaileshbhai - 9821023693 | Pravinbhai - 9820244026 | Daneshbhai - 9930891985 | Pankajbhai - 9820322648 |
| Andheri | Malad/Kandivali/ Borivali/Dahisar | Goregaon | Vile Parle Sales Centre |
| Niranjanbhai - 9819280255 | Bipinbhai - 9324621637 | Jitubhai - 022-32053690 / 7498115528 | Jayeshbhai - 9920385597 |

Advt

# આર્થિક સહાય મેળવવા માટેની અગત્યની સૂચના

સમાજના આર્થિક જરૂરિયાતવાળા કુટુંબો માટે એપ્રિલ - ૨૦૧૫થી માર્ચ - ૨૦૧૬ના વર્ષ માટે મંડળમાંથી **આર્થિકસહાય, ભાડા સહાય, વૃદ્ધજન સહાય** અને **મહિલા ઉત્કર્ષ** સહાયના અરજીપત્રકો તા. ૧૦ ફેબ્રુઆરીથી આપવાનું શરૂ કરવામાં આવશે. જે અરજીપત્રક સંપૂર્ણ વિગત સાથે ૩૦ માર્ચ ૨૦૧૫ સુધીમાં ભરીને મોકલાવી આપવાના રહેશે.

આ અરજીપત્રકો સમયસર ભરાઈને આવેથી નવા વર્ષની મંજુર થયેલ સહાય એપ્રિલ - ૨૦૧૫થી સપ્ટેમ્બર ૨૦૧૫ સુધીની છમાસની રકમ એપ્રિલ સુધીમાં અને બાકીની રકમ ડિસેમ્બર - ૨૦૧૫ સુધીમાં તમારા બૅન્ક ખાતામાં ECSની સુવિધાથી ટ્રાન્સફર કરવામાં આવશે.

સહાય લેનારનું (૧) બૅન્ક ઓફ બરોડા (૨) પાટણ કો.ઓ.બૅન્ક લિ. અને (૩) ગ્રેટર બૅન્ક આ ત્રણ બૅન્કમાંથી કોઈપણ એક બૅન્કમાં ખાતું હોવું ફરજિયાત છે. અરજીપત્રક સાથે એક કેન્સલ ચેક ફરજિયાત મોકલવાનો રહેશે.

નોંધ : અધૂરી વિગતોવાળું અરજીપત્રક પર ધ્યાન આપવામાં આવશે નહીં.

## *અરજીપત્રક મેળવવાના સ્થળો*

(૧) શ્રી પાટણ જૈન મંડળ - મુખ્ય કાર્યાલય : ૭૭, શ્રી પાટણ જૈન મંડળ માર્ગ, મરીન ડ્રાઈવ, મુંબઈ - ૪૦૦૦૨૦. ફોન : ૨૨૮૧૧૩૪૬ / ૨૨૮૧૧૨૧૮

(૨) શ્રી પાટણ જૈન મંડળ - શાખા કાર્યાલય : એ-૨૩/૧૧, રતનનગર, દીપ નારાયણ દુબે માર્ગ, બોરીવલી (ઈ), મુંબઈ - ૪૦૦૦૬૮. ફોન : ૨૮૯૧૧૩૦૮

(૩) શ્રી પાટણ જૈન મંડળ - શાખા કાર્યાલય : રૂપમ, ૧૫૨, જવાહર નગર, ગોરેગામ (વે), મુંબઈ - ૪૦૦૦૬૨. ફોન : ૨૮૭૭૬૦૯૦

(૪) શ્રી પાટણ જૈન મંડળ - શાખા કાર્યાલય : શેઠ પ્રમોદકુમાર કેશવલાલ અતિથિ ગૃહપીપળા શેરી, પાટણ - ૩૮૪૨૬૫. ફોન : ૦૨૭૬૬૨૨૦૭૧૫

(૫) શ્રી નિલેશભાઈ કાંતિલાલ શાહ : C/o. પટણી એજન્સી, ૯/૧૧, બી - સર્વોદય એપાર્ટમેન્ટ, નારાયણ નગર ક્રોસ રોડ, ભાયંદર (વે). ફોન : ૨૮૦૪૭૭૩૭, મો.: ૯૩૨૧૧૫૦૧૬૦

**□ શ્રી પાટણ જૈન મંડળ**


## શ્રી પાટણ પાંજરાપોળ સંચાલિત આઝાદ ચોક, પીંપળાશેરી, પાટણ (ઉ.ગુ.)-૩૮૪૨૬૫ ● ફોનઃ(02766)220203

**શ્રીમતી કુસુમબેન અમૃતલાલ શાહ પશુ આશ્રય સંકુલ (ખલીપુર)**

કાર્યાલય :મે. પ્રવીણચંદ્ર ઍન્ડ કું., ૨૧, ભાંગવાડી શોપિંગ આર્કેડ, કાલબાદેવી, મુંબઈ-૪૦૦ ૦૦૨. ફોનઃ૬૬૩૧૭૮૯૦-૯૯. મો.:૯૮૨૧૦૧૨૫૧૮.

અબોલ, અપંગ, આપાદગ્રસ્ત પશુઓની નિષ્ઠાપૂર્વક સેવા થાય, મૃત્યુની અંતિમ પળોએ આવા જીવોને સમાધિ અપાય ત્યારે તેમના હૈયાના અતલ ઊંડાણમાંથી આશીર્વાદની ધારા, આંખોમાં ડોકાતી પ્રેમની અમૃતધારા અને આર્તધ્યાનમાંથી બચી શૂન્યભાવનાની અંતિમ પળો પામી બંધાતા શુભ આયુષ્ય કર્મના કારણે થતી પૂણ્યની લાગણીથી સેવા કરનાર કે દાતા બની જીવનદાતા બનનાર વ્યક્તિ કે સંસ્થા સ્વ તથા પર કલ્યાણના ભોક્તા બને છે.

- પરિવારમાં જન્મદિનને બનાવો અમારો અભયદિન
- લગ્નોત્સવને બનાવો અમારો જીવનોત્સવ
- સ્વજનના મૃત્યુનો શોક અભયદાનના બળે હળવો બનાવો
- અસહ્ય વેદનામાંથી પશુઓના પ્રાણ ઉગારો
- આપના શ્રીસંઘના જીવદયાની ટીપમાંથી શ્રી પાંજરાપોળને મહદ ફાળો આપવા વિનંતી
- ધાર્મિક મહોત્સવને જીવદયાનો ઉત્સવ બનાવો
- વિકટ સંજોગોમાં આપના આર્થિક સહયોગની અપેક્ષા !
- પશુરોગ સારવાર અને શસ્ત્રક્રિયા કેમ્પ

સંસ્થાને આપેલ દાન ઈન્કમ ટેક્ષ એક્ટ ૮૦ જી હેઠળ કરવેરામાં રાહતનેપાત્ર છે

● સૌજન્ય : શ્રી નિરંજનભાઈ અમૃતલાલ શાહ ●

### પશુ-પક્ષીઓ માટેની વિવિધ યોજનાઓ

| | | | |
|---|---|---|---|
| કાયમી શેડ ફંડ | રૂા. ૧૦૧૦૦૦ | દૈનિક લાપસી | રૂા. ૨૧૦૦૦ |
| કાયમી નિભાવ ફંડ | રૂા. ૫૧૦૦૦ | દૈનિક ઘાસચારો | રૂા. ૧૫૦૦૦ |
| લાપસી (કાયમી તિથિ) | રૂા. ૩૧૦૦૦ | માસિક દવા ચિકિત્સા | રૂા. ૧૧૦૦૦ |
| આધાર સ્થંભ | રૂા. ૩૧૦૦૦ | કાયમી ઘાસ ફંડ | રૂા.૧૧૦૦૦ |
| | | કાયમી પક્ષી ચણ | રૂા.૫૦૦૦ |

લાભાર્થીના નામ આરસની તક્તી પર લખવામાં આવશે

લાભાર્થીના નામ તિથિને દિવસે બોર્ડ પર લખવામાં આવશે

advt

## એક અનોખો શૉ ''દિશા''નો

સેવા કાર્યોના અનેક રંગો છે, તેમાં વિકલાંગ બાળકોની સેવાનો રંગ અનોખો અને કપરો છે. દરેક જાતની કસોટીઓ આવતી હોય છે. સેવાના આ કાર્ય માટે જ ''દિશા'' નામ આપવામાં આવ્યું છે, છેલ્લા પંદર વર્ષથી બાળકોના ઉદ્ધાર માટેના કાર્યો અવિરત પણે મંડળના સહકારથી સુંદર રીતે કરીએ છીએ, તેની આપ સમાજના દરેક ભાઈ-બહેનોને જાણકારી હશે.

''દિશા''ના દરેક કાર્યોમાં સમાજના અનુભવી અને દિર્ઘદ્રષ્ટા **શ્રી જે.કે. સાહેબને** આપણે સૌ જાણીએ છીએ. ''દિશા''ના બાળકો માટે હર હંમેશ કોઈપણ કાર્ય માટે મળતા સહકાર માટે અમો ખૂબજ આભારી છે. તેઓના આશીર્વાદથી અમે સુંદર કાર્ય કરીએ છીએ. તેમના તા. ૩-૧૨-૨૦૧૪ના જન્મ દિવસની ઉજવણીએ અમારા વહાલા બાળકો માટે તેઓએ W.I.A.A. મલબારહીલ ક્લબમાં બાળકોના માતા-પિતા સહિત બધાને પાર્ટીમાં આમંત્રણ આપ્યું હતું. ક્લબમાં ઉત્સાહનું વાતાવરણ છવાઈ ગયું. એન્કર **મયુરભાઈએ** ત્રણ કલાક બાળકો સાથે ખૂબજ આનંદથી અનેક રમતો રમાડી, અને વચ્ચે સરપ્રાઈઝ ભેટો આપી સૌને નાચ-ગાનમાં ડુબાડી દીધેલ.

સાહેબનો જીવનદીપ પોતા પુરતો મર્યાદિત નહી રાખતા વિકલાંગ બાળકોના જીવનમાં તેલ પુરી તેમના દિવડાને પણ તેઓ ઝળહળતો રાખવા માટે પ્રયાસ કરે છે તે બદલ આભાર. શ્રી જે.કે. સાહેબને દીર્ઘ આયુષ્ય અને તંદુરસ્તી પ્રદાન થાય તેવી બધાજ બાળકો તેમજ તેમના મા-બાપ તરફથી સ્નેહભરી લાગણી વ્યક્ત કરવામાં આવી, ત્યારબાદ ઉત્સાહ ભર્યા વાતાવરણમાં ભોજન લેવામાં આવેલ તેમજ દરેક બાળકોને સાહેબ તરફથી ભેટ આપવામાં આવેલી. ક્લબના સેક્રેટરી **શ્રી નીતીનભાઈ** તરફથી પ્રાપ્ત થયેલ સુંદર સહકાર બદલ આભાર. **શ્રીમતી મંજુબેન મંગલપ્રભાત લોઢા** જેઓની હાજરીથી પ્રસંગ દીપી ઉઠેલ.

## અભિનંદન

કનાસાનો પાડો, હાલ વાલકેશ્વર સ્થિત **શ્રીમતી હીનાબેન તથા યશમુખભાઈ ડાહ્યાભાઈ શાહ (માટલીવાલા)**ના સુપુત્ર **ચિ. અંકિત** જે માનસિક વિકલાંગ હોવા છતાં ૩૦૦૦ પાસાનો સંગ્રહ ધરાવી **'લીમકાબુક ઓફ રેકર્ડસ - ૨૦૧૪'**માં સ્થાન મેળવેલ છે, તે બદલ **શ્રદ્ધા ચેરીટેબલ** દ્વારા નહેરૂ સાયન્સ સેન્ટર ખાતે શ્રીમતી પીરોઝા ગોદરેજના હસ્તે ખાસ એવોર્ડ અને પ્રશસ્તિપત્ર એનાયત કરી તેનું અભિવાદન કરવામાં આવેલ છે. સમાજનું તથા પરિવારનું નામ રોશન કરનાર ચિ. અંકિતને અભિનંદન.

આ પ્રસંગે શ્રદ્ધા ટ્રસ્ટ દ્વારા ૯૦ મિનિટની ડોક્યુમેન્ટરી ફિલ્મ બનાવવામાં આવી છે, જેમાં આપણા સમાજના જ શ્રી જ્યોતિષભ ની સુપુત્રી **ચિ. દર્શાને** (સંઘવીનો પાડો - ગોરેગામ) ખાસ સ્થાન અપાયેલ છે.

અત્રે ઉલ્લેખનીય રહેશે કે ચિ. દર્શા પણ માનસિક વિકલાંગ બાળક છે. આ ડોક્યુમેન્ટરી ફિલ્મનો મુખ્ય ધ્યેય વિકલાંગ બાળકો પ્રત્યે સમાજની લાગણી અને સ્નેહ વધે તેવો રહ્યો છે.

આ પ્રસંગે સિનેતારીકા મનીષા કોઈરાલા તથા સુજાતા મહેતા ઉપસ્થિત રહ્યા હતા.

✷ ✷ ✷


**Dental Clinic**

*creating healthy smiles since 2008...*

**Dr. Nikita Sahil Shah** B.D.S

**Dental Surgeon**

*Special Discounts for Patan Jain Community*

Clinic Address : 107, Options Commercial Centre,
Milan Subway Road, Santacruz (West), Mumbai-400054.
Tel.: 022-26133003 / 9820424813; Cell: 9870866872
Time: 10:00 am to 1:00 pm & 3:00 pm to 8:00 pm advt.


## શ્રદ્ધાંજલિ

**સમાજની નીચે જણાવેલ વ્યક્તિઓના દુ:ખદ અવસાનની સખેદ નોંધ લઈ, પરિવારના દુ:ખમાં સહભાગી થઈ સંવેદનાની લાગણી વ્યક્ત કરીએ છીએ. પરમકૃપાળુ પરમાત્મા સદ્‌ગતના આત્માને ચિરશાંતિ અર્પે એ જ પ્રાર્થના !**

| જ્ઞાતિ | મહોલ્લો | સ્વર્ગસ્થનું નામ | વય | સ્થળ | તારીખ | તિથિ |
|---|---|---|---|---|---|---|
| સાંડેસરા | કેશુશેઠનો પાડો | શારદાબેન ચીમનલાલ સાંડેસરા | ૮૫ | માલેગાંવ | ૧૫-૧૨-૨૦૧૪ | માગસર વદ-૦૮ |
| વિશાપોરવાળ | ખેતરવસી | રાજેન્દ્રભાઈ મહાસુખલાલ શાહ | ૬૪ | ઘાટકોપર-મુંબઈ | ૧૬-૧૨-૨૦૧૪ | માગસર વદ-૦૯ |
| વિશાશ્રીમાળી | ખેતરવસી- | શિલ્પાબેન અજયભાઈ શાહ | ૬૦ | બોરીવલી-મુંબઈ | ૧૬-૧૨-૨૦૧૪ | માગસર વદ-૦૯ |
| વિશાશ્રીમાળી | ઢંઢેરવાડો | સુશીલાબેન ચંદ્રકાંતભાઈ શાહ | ૮૦ | મરીન ડ્રાઈવ-મુંબઈ | ૧૯-૧૨-૨૦૧૪ | માગસર વદ-૧૨ |
| વિશાશ્રીમાળી | મનમોહનજીની શેરી | મુકેશભાઈ અરવિંદભાઈ ઝવેરી | ૫૬ | અમેરિકા | ૨૦-૧૨-૨૦૧૪ | માગસર વદ-૧૪ |
| વિશાશ્રીમાળી | વખતજીની શેરી | સુધાબેન પ્રવીણચંદ્ર શાહ | ૮૨ | ગોરેગામ-મુંબઈ | ૨૫-૧૨-૨૦૧૪ | પોષ સુદ-૦૪ |
| દશાશ્રીમાળી | કોકાનો પાડો | અશોકભાઈ કંચનભાઈ શાહ | ૭૦ | પાટણ | ૨૮-૧૨-૨૦૧૪ | પોષ સુદ-૦૭ |
| વિશાશ્રીમાળી | ખેતરવસી | દીપકભાઈ વૃજલાલ શાહ | ૬૮ | પાટણ | ૩૦-૧૨-૨૦૧૪ | પોષ સુદ-૦૯ |
| વિશાશ્રીમાળી | પોળની શેરી | ચંપકલાલ મૂળચંદ કાપડીયા | ૮૪ | મરીન ડ્રાઈવ-મુંબઈ | ૦૬-૦૧-૨૦૧૫ | પોષ વદ-૦૧ |
| દશાશ્રીમાળી | ચોધરીની શેરી | સરસ્વતીબેન નિરંજનભાઈ શાહ | ૭૯ | મરીન ડ્રાઈવ-મુંબઈ | ૦૮-૦૧-૨૦૧૫ | પોષ વદ-૦૩ |
| વિશાશ્રીમાળી | વખતજીની શેરી | લલિતભાઈ કેશવલાલ શાહ | ૮૫ | બોરીવલી-મુંબઈ | ૧૨-૦૧-૨૦૧૫ | પોષ વદ-૦૭ |
| વિશા ઓસવાલ | વસાવાડો | સુમનબેન વૃજલાલ દલાલ | ૯૪ | ગોવાલિયા ટૅન્ક-મુંબઈ | ૧૫-૦૧-૨૦૧૫ | પોષ વદ-૧૦ |

***ચક્ષુદાન કરેલ છે. ✷દેહદાન કરેલ છે ● યુવાનીમાં રક્તદાન ● મૃત્યુ બાદ ચક્ષુદાન ● ત્વચાદાન ● અંગદાન ** દેહદાન કરો અને કરાવો**

## SHREE PATAN JAIN MANDAL

### SAMAJ VIKAS FUND

### MEDICINE (DAWA) SAHAY YOJNA & PUBLIC HEALTH CARE CENTRE FUND

SHRI PRAVINCHANDRA KESARICHAND SHAH — Rs. 1.01 CRORE
BY SHRI TUSHARBHAI AND SHRI JAYESHBHAI [Dhandherwado]

### EDUCATION SAHAY CORPUS FUND

SEVANTILAL KANTILAL TRUST (Kumbharia pado) — Rs. 1 CRORE

### SAMAJ VIKAS CORPUS FUND

SMT MINABEN & SHRI NITINBHAI JAYANTILAL GABHRUCHAND SHAH & FAMILY USA (Khetarvasi) — Rs. 54 LACS

### VARIOUS CORPUS FUND

SMT. SUBHADRABEN RAMANLAL SHAH CHARITABLE TRUST [ Kumbharia Pado ] — Rs. 1 CRORE

- Shri Mafatlal Chudghar Charitable Trust, Chodhrini Sheri
- Babu Panalal Poonamchand Charitable Trust, Khajurino Pado
- Babu Saheb Nanakchandji Pooranchandji Trust, Khajurino Pado
- Babu Jivanlal Panalal Trust, Khajurino Pado
- Smt. Gunvantiben Pravinchandra Keshrichand Shah, Dhandhervado
- Late Shri Pramodbhai Bhogilal Jhaveri (Sayba), (Chodhrini Sheri)
  By : Smt. Maltiben, Smt. Falguniben & Shri Devangbhai Jhaveri
- Smt. Kusumben Rasiklal Himatlal Shah, Dank Mahetano Pado
  By : Shrimati Kalpnaben, Shrimati Ashaben, Shrimati Meetaben
- Smt. Hansaben Rameshchandra Popatlal Shah,
  By : Shri Jitenbhai, Kanasano Pado
- Shri Harsukhlal Bapulal Shah and Shrimati Rasilaben Harsukhlal Shah,
  By : Shri Nirmalbhai, Shri Anilbhai, Shri Jayeshbhai & Shri Shirishbhai, Lakhiyar Vado/Kanasano Pado
- Smt. Nirmalaben Ravindrabhai Mohanlal Shah, Khajurino Pado
- Smt. Hasumatiben Rameshchandra Bapulal Shah,
  By : Shrimati Moniakben Sanjaybhai Shah, Dank Mahetano Pado
- Smt. Gulabben Ramanlal Shah, Vakhatjini Sheri
  By : Shri Hitenbhai Pravinchandra Shah
- Shri Rameshchandra Chhabildas Zaveri, Manmohanjini Sheri
- Shri Virendrabhai Popatlal Shah, Mallatno Pado
- Shri Maulikkumar, Divyabalaben, Navinbhai Shah, Pole ni Sheri
- Shri Deepakbhai Champaklal Jhaveri (Manmohanjini Sheri)By: AashishJhaveri
- Shri Kirtilal Somchand Shah, Kokano Pado
- Smt. Vasumatiben Sevantilal Shah, Chitarani Khadki
- Smt. Premlataben & Shri Pratapbhai Punamchand Jaswa (Kasumbia Vado)
- Smt. Lilavatiben Panalal Manilal Shah, Vasavado
- Smt. Hansaben Manaharlal Keshavlal Shah, Lahiarvado
- Late Shri Balubhai Chhotalal Shah,
  By : Smt. Hansaben, Khadakhotdi no Pado
- Shri Sureshbhai Chimanlal Choksi, Zaveri Vado
- Shri Rakeshbhai Kantilal Shah-Chowpatty.
  In Memory of Smt. Geetaben Rakeshbhai Shah
- Late Shri Sevantilal Chhaganlal Shah
  By: Shri Sharadbhai and Shri Harshadbhai (Tamboli Vado)
- A Well-Wisher
- Shri Shirishbhai Mafatlal Shah, Panchoti Pado
- Smt. Manjulaben Dilipbhai Mohanlal Hemchand Shah,
  Marfatia Mehtano Pado

### REVOLVING FUND : Target Rs. 5 Crores

**To provide interest free Educational Loan**

| DONOR | Donation In 5 Yrs. |
|---|---|
| **Smt. Subhadraben Ramanlal Popatlal Shah,** Kumbhariya Pado | Rs. 25 Lakhs |
| **Smt. Bhagwatiben Vinodbhai Matlivala,** Kanasano Pado by Shri Daneshbhai, Shri Bhagyeshbhai, Shri Sukeshbhai, Shri Dhirenbhai | Rs. 25 Lakhs |
| **Babu Panalal Punamchand Charitable Fund,** Khajurino Pado | Rs. 20 Lakhs |
| **Late Smt. Kamalaben & Shri Kantilal Prabhudas Jhaveri** (Dhandher Vado) By Shri Samir Chandrakant Jhaveri | Rs. 11 Lakhs |
| **Dr. Mahendrabhai Chandulal Shah & Dr. Lilaben M. Shah,USA (Lakhiar Wado)** | Rs. 10 Lakhs |
| **Late Smt. Jasudben Jamnadas Jhaveri & Late Jamnadas Umedchand Jhaveri (Dhandher Wado)** By Late Saraswatiben Jamnadas Jhaveri through her will | Rs. 10 Lakhs |
| **Smt. Kanchanben Kantilal Jhaveri** (Maniyati Pado) by Smt. Neenaben, Smt. Kalpanaben. | Rs. 5 Lakhs |
| **Shri Keshavlal Kilachand Charitable Trust Kumbharia Pado** | Rs. 5 Lakhs |
| **Smt. Gulabben Chimanlal Valamji Choksi** By Smt. Vinaben Sureshbhai Choksi (Zaveri Vado) | Rs. 5 Lakhs |
| **Dr. Smt. Kunjbalaben & Dr. Vijaybhai Jayantilal Patni** (Manmohanji ni Sheri) | Rs. 5 Lakhs |
| **Smt. RohinibenVikrambhai Shah**(Dank Mehtano Pado) (In her Memory) By Shri Ronakbhai, Smt. Darshnaben, Shri Shrenikbhai & Smt. Komalben | Rs. 5 Lakhs |
| **Late Smt. Kusumben Vrajlal Shah & Vrajlal Jesinglal Shah** (Jafujiwala) (Tamboli Vado) | Rs. 5 Lakhs |
| **Late Smt. Vasumatiben Fakirchand Shah** By Shri Samir Fakirchand Shah (Chodhrini Sheri) | Rs. 5 Lakhs |
| **Late Shri Vinodbhai Hiralal Shah (Ladiwala)** By Smt. Kiranben&ShriPranaybhai(Kanasano Pado) | Rs. 5 Lakhs |
| **Smt. Taraben Sevantilal Nathalal Khandwala** (Keshu Sheth no pado) By Shri Kandarpbhai | Rs. 12 Lakhs |

### MEMORIAL FUND

| NAME OF THE DONOR | DONATION |
|---|---|
| • Smt. Pannaben Kapoorchandbhai Sonawala, Manmohanjini Sheri | Rs. 8 Crores |
| • Smt. Nirmalaben (Deviben), Shamlaji ni Sheri. In memory of Late Shri Dhirajlal Popatlal Shah | Rs. 10 Lakhs |

The donors donating in **MEMORIAL FUND** through their will -- it can be utilised for special activities of the **MANDAL**

## સરનામા ફેરફાર

**શ્રી પાટણ જૈન મંડળ** દ્વારા પ્રકાશીત **પાટણ પ્રતિબિંબ** દર માસે ૨૬મી તારીખે નિયમીતપણે દરેકને પોસ્ટ દ્વારા મોકલવામાં આવે છે, જે પૈકી ઘણા પરિવારોના સરનામાં ફેરફાર થયા હોય અથવા મકાન રીડેવલેપમેન્ટમાં ગયેલ હોય, જેના કારણે હંગામી ધોરણે બદલાયેલ સરનામાના અભાવે પ્રતિબિંબ પરત આવે છે. તો આપ સૌને ખાસ વિનંતી કરવામાં આવે છે કે, આપના સરનામામાં કોઈ ફેરફાર થયેલ હોય તો પૂરું નામ, પાટણનો મહોલ્લો તથા જૂનું અને નવું સરનામું સત્વરે લેખીતમાં સંસ્થાના મરીન ડ્રાઈવ ખાતેના કાર્યાલયમાં અથવા patanmandal@gmail.com ઉપર મોકલાવી આપવા વિનંતી છે, જેથી મંડળના રેકર્ડમાં તેના ફેરફારની નોંધ કરી શકાય અને આપને 'પાટણ પ્રતિબિંબ' મોકલાવી શકાય.

**☐ શ્રી પાટણ જૈન મંડળ**

W.P.P. License No. MR/TECH/WPP-120/South /2015. License to post without prepayment.
PATAN PRATIBIMB ● JANUARY 2015 ● PRICE Rs. 2/- ● Posted at Patrika Chennel Sorting Office, Mumbai-400001 on 25th and 26th of every month. Postal Regd. No. MCS / O84 / 2015-17
Published on 15th of every month

## સમાજના દાતાશ્રીઓ જોગ

# પાટણ ખાતે શાળા અને કૉલેજ માટે ફંડ મેળવવા સૂચિત યોજના

શ્રી હેમચંદ્રચાર્ય ઉત્તર ગુજરાત યુનીવર્સીટી દ્વારા જુલાઈ ૨૦૧૪થી આર્ટસ, સાયન્સ અને કોમર્સ કૉલેજ પાટણ ખાતે શરૂ કરવા મંડળને મંજૂરી પ્રાપ્ત થયેલ છે. જે અનુસાર **''શ્રી પાટણ જૈન મંડળ આર્ટસ, સાયન્સ અને કોમર્સ કૉલેજ''ની** જુલાઈ ૨૦૧૪થી પાટણ ખાતે **શ્રી પાટણ જૈન મંડળના** શાળા અને છાત્રાલય સંકુલમાં શરૂ કરવામાં આવેલ છે. જેમાં નીચેની વિગતે વિદ્યાર્થીઓની સંખ્યા પ્રથમ વર્ષમાં જ પ્રાપ્ત થયેલ છે. યુનીવર્સીટીના નીતિ નીયમો પ્રમાણે જરૂરી સુવિધાઓ સાથે ત્રણે ફેકલ્ટીની કૉલેજ સફળતા પૂર્વક કાર્યરત છે.

## વિદ્યાર્થીઓની સંખ્યા : જુલાઈ ૨૦૧૪

✷ આર્ટસ વિભાગ - ૧૪૯ ✷ સાયન્સ વિભાગ - ૧૧૬ ✷ કૉમર્સ વિભાગ - ૩૮

**કૉલેજ પ્રોજેક્ટ માટે આવશ્ય મોટું ભંડોળ મેળવવા માટે સંસ્થાએ નીચેની વિગતે સૂચિત યોજના જાહેર કરેલ છે તો સમાજના દાતાશ્રીઓને મંડળની શૈક્ષણિક ક્ષેત્રની પાયાની પ્રવૃત્તિને વેગ આપવા દાન માટેની રૂપરેખાને સાકાર કરવા નમ્ર વિનંતી છે.**

### વિદ્યાલય સંકુલ:

શ્રી પાટણ જૈન મંડળ પાસે પાટણમાં ફાટીપાળ દરવાજા બહાર છેલ્લા ૭૦ વર્ષથી લગભગ ૧૩ એકર જમીન છે. તેમાંથી અંદાજે ચાર એકર જમીનમાં વિદ્યાલય સંકુલ બનાવવાનું વિચારણા હેઠળ છે, જેમાં ૭૦ વર્ષથી કાર્યરત બી.ડી. હાઈસ્કુલનું મકાન પ્રથમ આવશે. તેની પાછળ કૉલેજનું મકાન આવશે. ભવિષ્યમાં બે હૉસ્ટેલ અને ઑડીટોરીયમ પણ આ સંકુલમાં યોગ્ય જગ્યાએ બાંધવાનું આયોજન કરવામાં આવશે. આ સંકુલમાં આગળ અને પાછળ બે પ્રવેશદ્વાર હશે.

| ફંડ મેળવવા માટેની રૂપરેખા: | દાનની રકમ (અંદાજીત) |
|---|---|
| (૧) ૪ એકરના વિદ્યાલય સંકુલને દાતા પરિવારનું નામ આપવા | રૂા. ૩ કરોડ |
| (૨) સાયન્સ અને ટેક્નોલોજી કૉલેજને દાતા પરિવારનું નામ આપવા | રૂા. ૨.૨૫ કરોડ |
| (૩) કોમર્સ અને મેનેજમેન્ટ કૉલેજને દાતા પરિવારનું નામ આપવા | રૂા. ૧.૫૦ કરોડ |
| (૪) આર્ટસ કૉલેજને દાતા પરિવારનું નામ આપવા | રૂા. ૧.૨૫ કરોડ |
| કુલ | રૂા. ૮.૦૦ કરોડ |

ઉપરોક્ત બાબતે કેટલાક દાતાઓ સાથે વાતચીત ચાલી રહી છે. આખરી નિર્ણય વહેલો તે પહેલોના ધોરણે ગુરુવાર, તા. ૧૨-૨-૨૦૧૫, સાજે ૬.૦૦ વાગે મંડળની વ્યવસ્થાપક સમિતિની સભામાં લેવાની શક્યતા છે, **તેથી દાન માટે લાભ લેવા ઈચ્છુક દાતાઓએ નીચે દર્શાવેલ કોઈપણ મુખ્ય હોદ્દેદારનો તાત્કાલીક સંપર્ક કરવા વિનંતી.**

**શ્રી દિનેશભાઈ આર. શાહ (પ્રમુખ) મો. ૯૮૨૦૪૯૩૯૦૬**

**શ્રી ભરતભાઈ ડી. શાહ (ઉપ પ્રમુખ) મો. ૯૮૨૦૧૫૭૦૭૭**

**શ્રી રાજેન્દ્રભાઈ જે. શાહ (ઉપ પ્રમુખ) મો. ૯૩૨૨૨૨૭૨૦૯**

**શ્રી મહેન્દ્રભાઈ એન. શાહ (ઉપ પ્રમુખ) મો. ૯૮૨૧૮૪૯૯૯૧**

**શ્રી ભરતભાઈ એસ. શાહ (ઉપ પ્રમુખ) મો.૯૮૨૦૦૪૮૭૭૬**

TO,

Edited,Printed & Published by MAHENDRA NEMCHAND SHAH on behalf of SHRI PATAN JAIN MANDAL and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industries, Dadaji Konddev Cross Road, Byculla, Mumbai-400 027. And Published at 77, Patan Jain Mandal Marg, Marine Drive, Mumbai-400020.